તા : ૨૧-૦૨-૨૦૨૩

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-અમદાવાદ ૬ લેન હાઈવે પ્રોજેકટ તાત્કાલીક પુર્ણ કરવા કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી...

ગુજરાત રાજયની માળખાકીય સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર લેવલે ખુબ જ ઝડપથી વિકાસ થઈ રહયો છે. ત્યારે રાજકોટ થી અન્ય મહત્વના શહેરોને જોડતો રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેને ૪ લેનમાંથી ૬ લેન બનાવવાનો પ્રોજેકટ જે ખુબ જ અતિ મહત્વનો અને આવશ્યક છે. આ પ્રોજેકટ આશરે ૩ વર્ષથી કાર્યરત છે તેમજ આ પ્રોજેટકને વર્ષ ૨૦૨૦ સમય મર્યાદામાં પુર્ણ કરવાની હતી. પરંતુ આ પ્રોજેકટ ખુબ જ મંદગતીએ ચાલી રહયો છે.

ગુજરાતના સ્વપ્ન સમાન આ પ્રોજેટની નિયુકત સમય મર્યાદામાં પુર્તતા માટે સલંગ્ન કોન્ટ્રાકટરને સબ કોન્ટ્રાકટરની પરમીશન આપેલ હોવા છતા તેમજ સબ કોન્ટ્રાકટરને ડાયરેકટ પેમેન્ટની વ્યવસ્થા કરવા છતાં સમગ્ર પ્રોજેકટ અંતર્ગત કેટલાય ડાયવર્ઝનો તથા ખોદકામોને કારણે વેપાર–ઉધોગકારો અને આમ જનતાને અવર-જવર કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે તેમજ આ હાઈવે ઉપર દિવસ રાત સતત વાહનોની અવર જવર રહેતી હોય ડાયવર્ઝનો તથા ખોદકામોને કારણે ટ્રાફિક જામ થવાની પણ સમસ્યા ઉદભવી રહી છે. જેથી લોકોને નાણાં, સમય તથા ઈંધણનો પણ વ્યય થાય છે. આ તમામ પરિસ્થિતીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-અમદાવાદ ૬ લેન હાઈવે પ્રોજેકટ તાત્કાલીક પુર્ણ કરવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેમંત્રીશ્રી નિતીનભાઈ ગડકરી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.